**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૭/૧/૨૦૧૪ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૮૧/૧૪**

**વટવા પો.સ્ટે. :-**

વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૨૪/૨૦૧૪ ઇ.પી.કો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬, ધી પ્રોટેક્શન ઓફ ચીલ્ડ્રન ફોર્મ ઓફેન્સીસ એક્ટ ૨૦૧૨ ની કલમ ૩,૪ મુજબ કામના ફરીયાદી ફીરોજાબાનુ વા/ઓફ મોહમંદ રફીક ઉસ્માનભાઇ બાગબાન રહે ૧૦૬/એ રેલ્વે કોલોની વિઝોલ ક્રોસીંગ રોડ વટવા અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે હકીકત એવી છે કે ગઇ તા: ૨૨.૧.૨૦૧૪ ના કલાક ૧૧.૩૦ વાગ્યા દરમ્યાન ફરીયાદીની બહેન(ઉ.વ. ૧૬ વર્ષ ૬ માસ)ની તરૂણીને ફરીયાદીના ઘરેથી કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી લગ્ન અગર જારકર્મ કરવાના ઇરાદા ભગાડી લઇ ગયેલ હોઇ વિગેરે મતબલની ફરીયાદ પો.સ.ઇ શ્રી આર.એ.સોઢા નાઓ રૂબરૂ ફરીયાદ આપતા ઉપરોક્ત નંબરેથી તા:૨૩.૧.૨૦૧૪ ના રોજ ગુનો રજી.કરવામાં આવેલ ત્યાર બાદ આગુનાની તપાસ અત્રેના વટવા પો.સ્ટેના સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટર શ્રી એમ.જે.બડમલીયા સાહેબ નાઓ તપાસ સંભાળી આ કામના આરોપી તથા સાહેદ છોકરી મુળ રહેવાસી ઇન્દ્રાનગર કોલોની પાલી તા.જીલ્લો પાલી રાજસ્થાનના હોઇ અને સાહેદ છોકરી તેના મોટા બેનના ઘરે છેલ્લા પાંચ છ દિવસથી અમદાવાદ ખાતે આવેલી જેથી આરોપી તથા સાહેદ છોકરી પાલી તેમજ રાજસ્થાન ખાતેથી મળી આવવાની સંભાવના હોઇ જેથી પાલીના થાના અધિકારી શ્રીનો સંપર્ક કરી થાના અધિકારી શ્રીને તથા જીલ્લા પોલીસ અધિક્ષક શ્રીને ફેક્સ મારફતે તપાસ યાદી પાઠવાવામાં આવેલ આ દરમ્યાન અજમેર ગંજ થાના રાજસ્થાન ની પોલીસ દ્વારા આ કામના આરોપી અશરફ અલી @ અચ્ચુ સન/ઓફ અલીખાન મોઇલા ઉ.વ ૨૨ તથા સાહેદ છોકરી મળી આવતા તેઓએ પુછ પરછ કરતા પાલી રાજસ્થાનના હોવાનુ જણાવતા તેઓએ પાલી રાજસ્થાન ખાતે ખાત્રી કરતા તેઓને જાણવા મળેલ કે તા: ૨૩.૧.૨૦૧૪ ના રોજ અમદાવાદ શહેર વટ્વા પોલીસ સ્ટેશનમાં અપહરણ નો ગુનો રજી. થયેલાનો જણાવતા તેઓએ વટ્વા પોલીસ સ્ટેશનનો ફોન નંબર આપતા અમારો સંપર્ક કરતા અમો તેઓને ગુનાના કામે જરૂર હોઇ જેથી પોલીસ સ્ટેશને રાખવા જણાવી ઉપરી અધિકારી શ્રીની અમોએ તપાસમાં જવાની મૌખીક મંજુરી મેળવી વટવા પો.સ્ટેના મ.સ.ઇ વિક્રમસિંહ અમરસિંહ તથા તથા એક પો.કો તથા એક વુ. હે.કો નાઓ સાથે તુરતજ રાજસ્થાન ખાતે રવાના કરેલ અને તેઓએ આરોપી તથા સાહેદ છોકરી નો કબ્જો મેળવી અત્રે લઇ આવતા સદરી આરોપીને તા: ૨૬.૧.૨૦૧૪ ના કલાક ૧૪.૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. હાલમાં તપાસ ચાલુ છે.

**મણીનગર પો. સ્ટે.:-**

મણીનગર પોલીસ સ્ટેશન જા.જોગ નં. ૦૬/૨૦૧૪ સી.આર.પી.સી. કલમ ૪૧ (૧) ડી, ૧૦૨ મુજબના કામેં તા. ૨૬/૦૧/૨૦૧૪ ના કલાક ૧૬/૫૦ વાગ્યે આરોપી નામે હિતેશભાઇ ઉર્ફે મુન્નો રમણલાલ ગજ્જર ઉ.વ. ૩૮ રહે. મ.નં. ૨૯ પંચવટી સોસાયટી સ્વામીનારાયણ ટાવર પાછળ મણીનગર અમદાવાદ શહેર નાને મણીનગર રેલ્વે ક્રોસીંગ ખાતેથી એક ગ્રે કલરના હોન્ડા એક્ટીવા નં. જી.જે. ૦૧ એલ.બી. ૮૭૯૮ કિ.રૂ. ૩૦૦૦૦/- ની સાથે પકડી કાયદેશરની કાર્યવાહી કરવામાં આવેલ સદર જાણવા જોગની તપાસ દરમ્યાન મજકુરને વિશ્વાસમાં લઇ પુછ પરછ કરતા તેને સદર એક્ટીવા તા. ૨૫/૦૧/૧૪ ના રાતના નવ સાડા નવ વાગ્યે આવકાર હોલ પાસે કુમકુમ હાઇસ્કુલની બાજુમાં સત્યમ ફ્લેટ પાસે જાહેર રોડ ઉપરથી ચોરી કરેલાનું જણાવતા જે અંગે તપાસ કરતા મણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૬/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના કામેં મજકુરને તા. ૨૬/૦૧/૨૦૧૪ ના કલાક ૨૨/૩૦ વાગ્યે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.